## જન્મદિને વધામણી



જગત કારાણી
(અગ્રણી બિલ્ડર)
પ્રમુખ, આર્ટ લવર્સ
મો. ૯૮૨૪૦ ૭૭૭૭૮
૯૮૨૪૦ ૧૧૨૧૧



ચેતનાબેન કારાણી



ચંદ્રકાન્ત ઠક્કર
શ્રી જલારામ સેવા સમાજ



પ્રિયાંશીબેન
કમલેશકુમાર મહેરિયા
મો. ૯૪૨૭૫ ૨૫૯૫૯



ભાગ્યશ્રી નરેશકુમાર પરમાર
મો. ૯૯૦૧૫ ૦૦૯૯૦



સુભાંશીબેન
કમલેશકુમાર મહેરિયા
મો. ૯૪૨૭૫ ૨૫૯૫૯

### શ્રી જે એમ ચૌધરી સાર્વજિક કન્યા વિદ્યાલય ખાતે

# કલેક્ટર કચેરી દ્વારા ઈન્ટરેક્ટિવ સ્કૂલ એન્ગેજમેન્ટ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય (ગ્રાન્ટેડ), સેક્ટર-૭ની વિદ્યાર્થીનીઓ માટે કલેક્ટર કચેરી, ગાંધીનગર દ્વારા ઈન્ટરેક્ટિવ એન્ગેજમેન્ટ પ્રોગ્રામ-૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કલેક્ટર સતીષભાઈ પટેલ, નાયબ કલેક્ટર યોગેશભાઈ ઠક્કર, શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરી, ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટના ઉપપ્રમુખ એસ આર ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. કલેક્ટર કચેરી દ્વારા વિદ્યાર્થીનીઓને મતદાન જાગૃતિ, મતાધિકારનો યોગ્ય ઉપયોગ, નોટાની સમજ, ચૂંટણી કાર્ડમાં વિગતોના ફેરફાર અંગે વિગતે સમજ દૃશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને 'મસ્તી-દોસ્તી મતદાન' નામની એનીમેટેડ મૂવી પણ દર્શાવવામાં આવી હતી અને મતદાતા સહાય માટે વિવિધ હેલ્પલાઈન, વેબસાઈટની માહિતી પણ આપવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમ શાળાનાં સુપરવાઈઝર, સિનિયર શિક્ષકોના સંયોજનથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### પૂ. છગનભા વિજયપદ્મ રમતોત્સવમાં

# એમ બી સ્કૂલના વિદ્યાર્થીઓનો વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ



કડી ખાતે આયોજિત પૂ. છગનભા વિજયપદ્મ રમતોત્સવમાં એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી સ્કૂલને ગૌરવ અપાવ્યું હતું.

રમતોત્સવ અંતર્ગત અન્ડર-૧૭ અને અન્ડર-૧૯માં ૧૦૦ મીટરદોડમાં પિનલ દવે અને અભિષેક શેખાવત પ્રથમ ક્રમે વિજયી બન્યાં હતાં. સ્કેટિંગમાં નિશી સુથાર, રાજસી શાહ, તેયુમ રાજ, ટેબલ ટેનિસમાં વૈશાલી, ધ્યાન પટેલ, ભૂમિ પટેલ અને કરાટેમાં મધુમીતાએ ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાને ગૌરવ અપાવ્યું હતું.

વક્તૃત્ત્વ સ્પર્ધામાં શ્રેય પ્રજાપતિએ બીજા ક્રમનું ઈનામ પ્રાપ્ત કર્યું હતું. પીટી શિક્ષક નદીમ મેમણ અને આચાર્ય અર્પિત ક્રિશ્ચિયને સૌ વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

હસતું મન
અને હસતું હૃદય
એ જ સાચી સંપત્તિ
એના પર
ઈન્કમ-ટેક્સવાળાની રેડ
ક્યારેય નથી પડતી

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ઓકે જાનુ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
ટ્રીપલ એક્સ રિટર્ન ઑફ કેજ
(૩ડી હિન્દી)
૨.૧૦, ૬.૨૦, ૧૦.૩૦
ટ્રીપલ એક્સ રિટર્ન ઑફ કેજ
(૩ડી અંગ્રેજી)
૧૨.૦૦, ૪.૧૫, ૮.૨૫
**સ્ક્રીન-૪**
શુભ આરંભ (ગુજરાતી)
૭.૪૫
ગ્રાન્ડ હળી (ગુજરાતી)
૧૨.૧૫
હમીર (ગુજરાતી)
૫.૦૦
હરામખોર
૩.૦૦, ૧૦.૧૫
**સ્ક્રીન-૫**
ઓકે જાનુ
સવારે ૧૦.૦૦
હરામખોર
૧૨.૩૦
દંગલ
૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

### સુપરસ્ટાર રાજેશ ખન્નાની સ્મૃતિમાં

# સ્મિત મ્યુઝિક દ્વારા રવિવારે હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ

## ચાણક્ય આઈએએસ એકેડેમીના સહયોગથી આયોજિત કાર્યક્રમમાં ગાંધીનગરના કલાકારો દ્વારા ગીતોની પ્રસ્તુતિ કરાશે



ગાંધીનગર, તા. ૨૦

સ્મિત મ્યુઝિક, ગાંધીનગર દ્વારા ચાણક્ય આઈએએસ એકેડેમીના સહયોગથી રાજેશ ખન્નાની સ્મૃતિમાં જૂનાં-નવાં હિન્દી ફિલ્મી ગીતોના સુરીલા કાર્યક્રમનું આયોજન આગામી તા. ૨૨ જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું છે.

સ્મિત મ્યુઝિકનાં સંચાલક જ્યોતિ ગજ્જર, ભરત ગજ્જરે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે સંસ્થા દ્વારા પોતાની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ક્રમમાં ચાણક્ય આઈએએસ એકેડેમી, નીતિન પટેલના સહયોગથી ગાંધીનગરના કલાકારોને લઈને બૉલીવૂડના પ્રથમ સુપરસ્ટાર રાજેશ ખન્નાની સ્મૃતિમાં જૂનાં-નવાં હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ 'યે શામ મસ્તાની' યોજવામાં આવ્યો છે.

આગામી તા. ૨૨ જાન્યુઆરી, રવિવારે રાત્રે ૯ કલાકે ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે આયોજિત આ કાર્યક્રમ માટે રસજ્ઞોને નિઃશુલ્ક પ્રવેશ પાસનું વિતરણ કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં ગાંધીનગરના કલાકારો, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા અગ્રણી સંસ્થાઓના વડાઓ ઉપસ્થિત રહેશે. ફિલ્મી ગીતોમાં રસ ધરાવતા નગરજનોને પણ આ કાર્યક્રમ માટે નિઃશુલ્કપણે વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ પાસ મળી રહેશે, જે માટે તેમણે મહેશભાઈ, બી લાઈન બ્રોકિંગ, સેક્ટર-૧૧, ગાંધીનગરનો સંપર્ક કરવાનો રહેશે એમ તેમણે આ અંગેની વિગતો આપતાં વધુમાં જણાવ્યું છે.

# પગાર કેન્દ્ર શાળા નં. ૭ ખાતે ગુણોત્સવ-૭ અન્વયે બેઠક યોજાઈ

## એસએમસી સભ્યો તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા



પગાર કેન્દ્ર શાળા નં. ૭ ખાતે ગુણોત્સવ-૭ અન્વયે એસએમસી તથા વાલીઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વાલીઓ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓને અવનવા કાર્યક્રમોમાં ભાગીદાર બનાવવા શાળાને દત્તક લેનાર સંસ્થા જેસીઆઈનાં પ્રમુખ ડૉ. પરાગી ગાંધી, લાયોનેસ પ્રમુખ દેવલબેન જોષી તથા લાયોનેસ સેક્રેટરી મિત્તલબેન રાણાએ વાલીઓને તેમની પ્રવૃત્તિઓથી વાકેફ કર્યા હતા. શાળાનાં આચાર્ય જાગૃતિબેન કડિયાએ વાલીઓને શાળાની પ્રવૃત્તિઓ, ગુણોત્સવ તેમજ વિદ્યાર્થીઓ માટે જરૂરી બાબતોથી અવગત કરાવ્યા હતા.

## બીપીસીસીએસ ખાતે આજે યોગ દિવસ

ગાંધીનગર, તા. ૨૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા તા. ૨૧ જાન્યુઆરી ને શનિવારે કૉલેજ કેમ્પસ ખાતે યોગ દિવસનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯.૩૦થીત ૧૦.૩૦ દરમિયાન કૉલેજ લોનમાં આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે, એમ કૉલેજનાં ડિરેક્ટર સંજય એમ શાહ દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાઈમરી સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૯૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

પ્રાકૃતિક સંપદાથી સભર એવા ગાંધીનગરના ઈન્દ્રોડા પાર્કના પ્રવાસનું આ વિદ્યાર્થીઓ માટે આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓને પર્યાવરણ સ્વચ્છતા, પક્ષી અને પ્રાણીઓની જાળવણી અંગેનું માર્ગદર્શન પ્રકૃતિ ઉદ્યાનનાં માર્ગદર્શક કુસુમબેન સુથાર દ્વારા પ્રાપ્ત થયું હતું. વિદ્યાર્થીઓએ ડાયનાસોર પાર્ક અને જીવાવશેષ ઉદ્યાનની માહિતીપ્રદ મુલાકાત પણ માણી હતી અને પ્રાણી સંગ્રહાલયને પણ મોજથી નિહાળ્યું હતું. આ મુલાકાતથી વિદ્યાર્થીઓને પ્રકૃતિપ્રેમ, પર્યાવરણ જાળવણી અને સ્વચ્છતાનો પાઠ શીખવા મળ્યો હતો. આ પ્રવાસમાં વિદ્યાર્થીઓ સાથે શિક્ષક રાજુભાઈ અને અરૂણાબેન જોડાયાં હતાં.



# મેડિકલ કૉલેજની વિદ્યાર્થિનીઓ માટે સ્વસુરક્ષા અંગેનો કાર્યક્રમ યોજાયો



## પોલીસ ઈન્સપેક્ટર મીની જૉસેફ દ્વારા વિદ્યાર્થીઓને સ્વસુરક્ષા અંગે વિગતે માહિતી આપવામાં આવી

જીએમઈઆરએસ સંચાલિત ગાંધીનગર મેડિકલ કૉલેજની વિદ્યાર્થીનીઓ માટે સુરક્ષાલક્ષી કાર્યક્રમ ગાંધીનગર જુનિયર ચેમ્બર દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. સેક્ટર-૨૧નાં પોલીસ ઈન્સપેક્ટર મીની જૉસેફ દ્વારા વિદ્યાર્થીઓને સ્વ સુરક્ષા અંગે વિગતે માહિતી આપવામાં આવી હતી. છોકરીઓ સામે ઘટતા અઘટિત બનાવો સજાગતા, સાવચેતી અને હિંમતથી ટાળી શકાય છે એવી શીખ તેમણે વિદ્યાર્થીનીઓને આપી હતી અને આવી પરિસ્થિતિનો સામનો કરવા શું પગલાં લેવાં જોઈએ તે વિશે પણ તેમણે વિદ્યાર્થીનીઓને અવગત કરાવી હતી. કાર્યક્રમનું આયોજન, સંચાલન જેસીઆઈ પ્રમુખ ડૉ. પરાગી ગાંધી અને ડૉ. અરૂણ વ્યાસ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

### શ્રીલંકાના કોલંબો ખાતે

# લાયન્સ કલબના 'ઈસામે ફોરમ'માં ગાંધીનગરના યુવા





ગાંધીનગર, તા. ૨૦

શ્રીલંકાના કોલંબો ખાતે લાયન્સ કલબ દ્વારા ૪૪મા ઈસામે ફોરમનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. જેમાં ૫૮ દેશોના ૩૬૦૦ સભ્યોએ ભાગ લીધો હતો. પાંચ દિવસીય આ ફોરમમાં અલગ અલગ દેશોના લાયન્સ કલબ પ્રતિનિધિ વર્ષ દરમિયાન કરેલ સેવાકીય પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો અને પોતાના અનુભવો હાજર સભ્યો સમક્ષ રજૂ કર્યા હતા. દિવસ દરમિયાન વક્તાઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવતું અને સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન શ્રીલંકા લાયન્સ કલબ તરફથી કરવામાં આવ્યું હતું. શ્રીલંકન લોકનૃત્યો, લગ્ન પ્રસંગોની વિધિને જાણવાની તક સૌને તક સાંપડી હતી. ગાંધીનગર લાયન્સ કલબના પૂર્વ પ્રમુખ ડૉ. જયંતિભાઈ પ્રજાપતિ, ઉપપ્રમુખ નયન મધુકર તથા ઉમંગ પંડ્યા, ખજાનચી રઘુસિંહ ગોલ, સહમંત્રી રશ્મિનસિંહ વાઘેલા, બોર્ડ ઓફ ડાયરેક્ટર સર્વશ્રી શૈલેષ પટેલ, નટુભાઈ સોલંકી, મોહનભાઈ પરમાર, સભ્યશ્રીઓ સર્વે રામચંદ્રભાઈ વ્યાસ, ભાવિનભાઈ પટેલ, કિશનભાઈ ચૌધરી, મૌલિકભાઈ પ્રજાપતિએ આ ફોરમમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે લાયન્સ કલબ ઈન્ટરનેશનલ પ્રેસિડેન્ટ બોબ કાર્લોએ સર્વે સભ્યોને લાયન્સ કલબના સેવાકાર્યોને વધુ સારી રીતે કરી શકાય અને દરેકે કરેલા કાર્યોની સરાહના કરી હતી. આ તબક્કે પ્રેરણાદાયક માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ ફોરમથી લાયન્સ પરિવારના સભ્યો એકબીજાથી વધુ નજીક આવે છે અને નવા મિત્રો બને છે જેના થકી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના આદાન-પ્રદાનને વધુ મજબૂત બનાવી શકાય છે.

## વાચકોને આમંત્રણ

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી જીવન પ્રેરણા'**